# સાગરા - નિર્મળ (સ્વચ્છ) ગામની કહાની

સાગરા ગામની પ્રગતિ વિશેની ટૂકી માહિતી ગ્રામોત્તિ વિષયના અનુસંધાનમાં અહી રજુ કરુ છું.

સાગરા ગામ નવસારી શહેરથી સાત કિલોમીટર દૂર છે. વેરાવળ થઈને જતો માણેકપોર-ઉભરાટને રસ્તે તે રેલ્વેની બાજુમાં આવેલું ગામ છે. ગામની વસ્તી લગભગ ૯૦૦ની જેમાં મુખ્યત્વે કોળી, હળપતિ, હરીજન તથા આહીર છે.

સાગરા ગામમાં છેલ્લા દશ વર્ષ શ્રી દયાળભાઈ જસમતભાઈ પટેલે સરપંચ તરીકે અનન્ય નેતૃત્વ પ્રદાન કર્યુ અને આ કહાની એમની નિશ્વાર્થ અને પ્રમાણીક નેતાગીરીની કહાની છે. આ વર્ષે સરકારની યોજના મુજબ પછાત જાતી માંથી સરપંચ હોવાની માંગથી શ્રી ભરતભાઈ સોલંકી સમરસથી (સર્વાનું મતે) સરપંચ બન્યા છે. ૨૮ વર્ષના યુવાન ભરતભાઈએ પણ એમનો ઉત્સાહ, સેવાભાવ અને એમની કાબેલીયત પુરવાર કરેલી છે. સમરસ પ્રથાના કાયદાથી ગામને એક લાખ અને ત્રીસ હજાર રૂપીયા મળ્યા છે.

દયાળભાઈ બી. કોમ, સુધી ભણેલા છે અને જ્યારથી ગામ સેવાના કામમાં રસ લેવા લાગ્યા ત્યારથી સરકાર તરફથી કે અન્ય રીતે ગામને વધારેમાં વધારે લાભ કેમ અપાવી સકાય એ અભ્યાસ કરતા રહ્યા અને તમે જોસો કે ગામનો એક ખંતિલો સેવક શું શું કરવામાં સફળ થઈ શકે છે. દશ વર્ષના એમના સરપંચ સમય દરમિયાનમાં તેઓ સરકાર તરફથી ગામને મળતી લગભગ દરેક ગ્રાન્ટ મેળવવામાં સફળ થયા અને ગામની સકલ જ બદલાવી નાખી.

આ સ્થિતિએ પહોંચવા પહેલાં એમણે ગામમાં ધીમે ધીમે ઘણા સુધારાઓ દાખલ કર્યા. લોકોના વર્તન, વલણ અને મનોવૃત્તિ બદલાઈ અને દરેકને પ્રગતિમાં સામેલ કર્યા. ગ્રાન્ટ તેમજ ફંડ ભેગુ કરી જાંજરા અને પાણીની તેમજ શાળામાં નવી સગવડો કરી અને દરેકને ઘર કે ગામમાં ચોખ્ખાઈ માટે આગ્રહ રખાયો.

●ચાર વર્ષ પહેલાં સાગરા ગામને ગુજરાત રાજ્ય તરફથી આદર્શ ગામનું બિરદ પ્રાપ્ત થયું. ત્રણ વર્ષ પર સરકાર તરફથી પાંચ લાખ રૂપીયાની ગ્રાન્ટ મળી અને જે પાણીના પાઈપો પહેલા કોક્રીટના હતાં તે પી.વી.સી.ના કરવામાં આવ્યાં.

●ગામના દરેક મહોલ્લામાં કોક્રીટના રસ્તા બનાવવા સરકાર તરફથી ત્રણ લાખ પચાસ હજાર રૂપીયાની ગ્રાટ મેળવેલી જેથી શેરીઓમાં કાદવ કીચડ ન થાય.

●અત્યારે ગામમાં ગટર યોજના માટે સરકાર તરફથી ત્રણ લાખ રૂપીયાની ગ્રાન્ટ મળી અને યોજના મુજબ ગટરો નાખવામાં આવી જેથી ગંદુ કે વરસાદના પાણીનો વ્યવસ્થિત રીતે નિકાલ થાય અને મચ્છર કે અન્ય જંતુઓનો ઉપદ્રવ અને બિમારી ઘટે. ગામમાં ગંદકી ન દેખાય અને ગામનું જીવન સ્વચ્છ અને રણિયામણું લાગે.

●ગામમાં મુખ્ય રસ્તાની બાજુમાં હાઈસ્કુલ છે જેમાં ધોરણ ૧૦ સુધીના ક્લાસ ચાલે છે. ૨૦૦૭ની સાલનું ધો. ૧૦નું પરિણામ ૮૫ ટકા છે જે માટે શિક્ષકો અને ગામલોકોનો પણ માટો સહકાર-ફાળો છે.

●સરકારની સહાયથી ગામમાં વોટર ફિલ્ટર પ્લાન્ટ બનાવ્યો છે. જેમાંથી આખા ગામને મહીનાના ૨૦ રૂપીના દરે પાંચ લીટર પાણી દરરોજ અપાય છે. પીવાના ચોખ્ખા પાણીથી ગામમાં બિમારીનું પ્રમાણ નહીવત છે.

●સરકારની આવાસો માટે સહાય યોજના હેઠળ લગભગ ૧૫૦ કુટુંબોને ઘર કે ઘરમાં સમારકામ કરાવી અપાવ્યાં.

●ગામમાં ત્રણ તળાવો છે જેને ઊંડા કરવા માટે સરકાર તરફથી બુલડોઝરની સગવડ આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી બધા તળાવો ઊંડા કર્યા છે જેથી લોકો વરસાદની અછત હોય તો તળાવના પાણીથી બાજુમાં આવેલી ક્યારીઓને નિષ્ફળ જતી અટકાવે છે. તળાવમાં કાયમ પાણી રહેવાથી ગામના દરેક કુવામાંથી મીઠા પાણી મળે છે અને પાણીના બોર પણ મીઠા રહે છે.

●સરકારી ગ્રાન્ટ અને વ્યક્તિગત ખર્ચથી ગામના દરેક ઘરમાં જાંજરુ બાથ બનાવવામાં આવ્યા.

●સરકારી ગ્રાન્ટ તેમજ લોકફાળા વતી ગામના બન્ને છેડે પ્રવેશદ્વાર બાંધવામાં આવ્યાં છે.

●સાગરા ગામ મુખ્ય રસ્તા પર હોય, આજુબાજુના ગામના બીજા લોકોને પણ લાભ મળે એ માટે આ વર્ષે સરકાર સાગરામાં એક આરોગ્ય કેન્દનું ત્રણ રૂમના મકાન માટે જગ્યા નક્કી કરવામાં આવી છે. ઈમરજન્સી તેમજ ચોવીસ કલાકની સર્વીસ માટે એક ડોકટર અને એક નર્સની સગવડ કરવામાં આવશે. દવા પણ મફત આપવામાં આવશે.

●ગામમાં મહીલા મંડળની માગણીથી ગ્રીનહાઉસ ખેતી માટે સરકારે ગ્રાન્ટની મંજુરી આપી છે. સાથમાંજ અળસીયાના ખાતર માટે એક વ્યવસ્થા બાધવામાં આવશે જેથી જરુરી ખાતરની પણ સગવડ થશે અને લોકોને એની માહિતી આપી એનો પ્રચાર કરવામાં આવશે.

દેશના ગામડાંઓમાં સુખસગવડ વધે અને જીવનધોરણ ઉપર આવે એ માટે કેન્દ અને રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ માટે ઓછી વધતી સહાય આપે છે. પચ્ચીસ, પચાસ અને નેવું ટકા સહાયની જાહેરાત કરી સરકાર ગામ લોકોને મદદ કરવાને આતુર હોય છે. ગામના સરપંચ જો નિશ્વાર્થ, સેવાભાવી અને સરકાર તરફથી જાહેર થતી યોજનાઓથી જાગૃત રહે તો ગામની ઘણી પ્રગતિ થઈ શકે.

કેદ્ર તેમજ રાજ્ય સરકાર તરફથી છેલ્લા બે વર્ષથી 'નિર્મળ ગામ' નામની યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના હેઠળ રાજયના પાંચ અધીકારીઓની ટુકડી ગામની મુલાકાત લઈ જુદાજુદા ફલકની નોધ લે છે. ગામનું જાતે નિરક્ષણ કરે છે અને ગામના ભુલકાંઓથી માંડી નાનામોટાં કોઈને પણ એમના રોજબરોજના જીવનકાર્ય, ઘરમાં કે ગામમાં જુદીજુદી સગવડો વિષે માહિતી મેળવે અને મુલવે છે. ગામમાં વસતી દરેક જાતી વચ્ચેનો ભાઈચારો, ઢોરઢાંકણ અને પરિયાવરણની માવજત, ગંદકીનો નિકાલ વગેરેના અવલોકન પછી ગામને આ એવોર્ડ માટે સફારસ કરવામાં આવે છે. તાલુકાના બીજા ગામોની સરખામણીમાં ઉચ્ચ આવે તો એવોર્ડ અપાય છે.

૨૦૦૭ના વર્ષ માટે જલાલપોર તાલુકાના ચાર ગામોને 'નિર્મળ ગામ' તરીકે પસંદ કરવામા આવ્યાં. સાગરા એમાંથી એક. રાષ્ટ્રપતિના હસ્તે દિલ્લી ખાતે તા. ૫.૫.૨૦૦૭ના રોજે દેશના પાંચ હજાર ગામોને આ ઈનામ અપાયાં. દરેક ગામને બે લાખ રૂપીયા અને સર્ટિફીકેટ તેમજ કેટલાંક ઉપયોગી પુષ્તકો ગામના સરપંચોને અર્પણ કરવામાં આવ્યાં. સાગરા ગામ માટે આ એક અનન્ય ગર્વની બાબત છે.

'નિર્મળ ગામ' ઉપરાંત, કાંઠા વિભાગ ફ્રેન્ડશીપ ટ્રસ્ટ તરફથી દર વર્ષે યોજાતા તાલુકાના સરપંચો અને સરકારી અધિકારીઓના પરિસંવાદમાં અપાતા શ્રેષ્ટ સરપંચ માટે પણ સાગરાના સરપંચ શ્રી દયાળભાઈને જાહેર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત એજ પરિસંવાદમાં સરકારના ઓડીટ ઓફિસરે સાગરા ગામને 'નિર્મળ હિસાબ' માટે બિરદાવ્યા હતા.

છેલ્લા દશ વર્ષના ગાળામાં નાનકડા સાગરા ગામે ૬૧ લાખ રૂપીયા સરકારી ગ્રાન્ટ મેળવી છે અને ગામલોકો તેમજ ગણ્યાગાઠયા ગામના એન.આર.આઈ ભાઈબહેનોએ ૩૫ લાખ રૂપીયા ફાળાપેટે ભેગા કર્યા છે જે ગામમાં સગવડ બનાવવામાં વપરાય છે.

નિશ્વાર્થ, પ્રમાણિક, સેવાભાવી અને મહેન્તું સરપંચના નેતૃત્વ હેઠળ ગામ ઉત્તમ પ્રગતિ સાધી શકે એનું જીવતું જાગતું ઉદાહરણ એટલે સાગરા ગામ.

સરપંચ અને ગામલોકોને ખુબ ખુબ અભિનંદન.

ધનજીભાઈ ગ. પટેલ. યુ.કે.